ગાંધીનગર સમાચાર

'ભણતરનું ભારણ ઘટાડો' : બાળકો જંગે ચઢયા

## @ગાંધીનગર

● બૂટ ભવાની મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૪-એ પ્લોટ નં. ૧૦૩૧/૨ ચંદ્રીકાબેન રાવલને ત્યાં બપોરે ૨ વાગે યોજાશે.

● સહજાનંદ ગુરુકુળ શાળા ખાતે વિજ્ઞાન-ગણિત પ્રદર્શન સવારે ૯ થી ૫ દરમિયાન નિહાળી શકાશે.

● ઈન્ડીયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગરના નવા કેમ્પસનો ઉદઘાટન સમારોહ સાંજે ૭ કલાકે લેંકાવાડા બસસ્ટેન્ડ પાસે યોજાશે.

# સે-૨૧માં ફુટપાથ પર પાથરણાવાળાઓનો અડીંગો





ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં દબાણકારોનો રાફડો ફાટ્યો છે. લારી ગલ્લાધારકો માર્ગની આસપાસ તેમજ સર્કલો પર દબાણનો અડીંગો નાંખી બેઠા છે. શહેરમાં રાત્રી કરતા દિવસે દબાણ વધી જતા જોવા મળે છે. દબાણના પ્રશ્નને અનુલક્ષી તંત્રના અધિકારીઓ પણ માથું ખંજવાળતા નજરે પડે છે. દબાણ હટાવીને તેઓ પણ થાકી ગયા છે. દબાણ હટાવતાની સાથે તુરંત જ પાછા બીજા દિવસે ગોઠવાઈ જાય છે તેઓને કેવી રીતે દુર કરવા તેની મથામણ અધિકારીઓ કરી રહ્યા છે ત્યારે દિવાળીના દિવસોમાં દબાણની વ્યાખ્યા જાણે બદલાઈ ગઈ હોય તેવુ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૨૧ સરકારી માધ્યમિક શાળા, શાકમાર્કેટની અંદર તેમજ બહારની સાઈડ, ચર્ચ તેમજ તેની આસપાસનો વિસ્તાર પાથરણા બજારના દબાણમાં કચડાઈને દબાઈ ગયો છે. શહેરના નાગરીકો માટે પગદંડી માર્ગ માટે ફુટપાથ તૈયાર કરવામાં આવી છે પરંતુ તેના પર પાથરણા બજારના વેપારીઓએ અડીંગો જમાવતા નાગરીકોને કયા ચાલવુ તે પણ એક પ્રશ્ન છે જયારે દુકાન આગળ પાથરણાવાળા બેસીને દિવાળીનો વેપાર કરતા હોવાથી કયાંક વેપારીઓ અને પાથરણાવાળાઓ જોડે ચકમક ઝરવાના બનાવ પણ બનતા નજરે પડે છે. દિવાળીના દિવસોમાં વેપાર ધંધો મળી રહે તે માટે જયાં જગ્યા મળે ત્યાં નાના વેપારીઓ પાથરણા પાથરીને દિવાળી સુધી વેપાર કરતા હોય છે. પરંતુ નાના વેપારીઓના દબાણને લઈ નાગરીકો પરેશાન થઈ ઉઠે છે. જયારે મુખ્ય બજારોમાં આવેલ દુકાનદારોએ પણ દિવાળીના સેલ મુકીને બહાર ટેબલો ગોઠવીને હંગામી દબાણ ઉભુ કર્યુ છે. પરંતુ હર્ષ અને ઉલ્લાસના પર્વ સમાન દિવાળીમાં સબ કુછ ચલતા હે તેવી નિતિરીતી તંત્ર દ્વારા ચલાવવામાં આવે છે. જયારે માત્ર થોડાક દિવસો વેપાર કરીને રોજીરોટી રળતા વેપારીઓ સામે તંત્રના અધિકારીઓ પણ ના છુટકે આંખ આડા કાન કરે છે પરંતુ આ દબાણ રોજના ન થઈ જાય તેની પણ તકેદારી રાખવાની જરુર છે. ત્યારે રોજીંદા દબાણકારો સામે કડક કાર્યવાહીની માંગ પણ નાગરીકોમાં ઉઠવા પામી છે.

## વાતવાતમાં

● શહેરના ગ-૩ સર્કલ નજીક ઝાડ ઉપર એક સાપ ચઢી જતા મોટું ટોળુ જમા થઈ ગયું હતું. આ ટોળાએ સાપને ઝાડ પરથી ઉતારવા આશરે અડધાથી પોણા કલાક સુધી ભારે મથામણ કરી હતી.

● સે-૧૧માં પેટ્રોલ પંપ પર પોતાના વાહનમાં પેટ્રોલ ભરાવવા આવેલ એક મહિલાએ પેમેન્ટ માટે ક્રેડીટ કાર્ડ આપ્યું જેને સ્ક્રેચ કર્યા બાદ એટેન્ડન્ટે પાસવર્ડ નાંખવા ભુલથી ક્રેકીડ કાર્ડ સ્વેપ મશીનના બદલે કેલકયુલેટર આપી દેતા મહિલા રોષે ભરાઈ હતી. કેલ્કયુલેટરથી પાસવર્ડ જાણી લેવાની દાનત હોવાનો આક્ષેપ મહિલાએ કરતા આ મામલો એટલો બીચકયો હતો કે છેક પોલીસ સ્ટેશને પહોંચ્યો અને પેટ્રોલ પંપના માલિકને પોલીસે રૂબરૂ જવાબ માટે બોલાવવા પડયા હતા.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં તમામ ગેટ પર સિકયુરીટી દ્વારા બાન-બીડી-ગુટકા-પડીકી વગેરેનું સઘન ચેકિંગ કરાય છે. જો કે નિયમિત હોસ્પિટલ આવતા મુલાકાતીઓ શર્ટ કે પેંટની બાંય વાળી તેમાં સંતાડવા જેવા નીતનવા નુસ્ખા અપનાવતા સિકયુરીટીને થાપ આપવાનો પ્રયત્ન કરતા પણ જોવા મળે છે.

● ગાંધીનગર સમાચારના કોલમિસ્ટ સંજય થોરાતના તાજેતરમાં પ્રગટ થયેલ ગ્રંથ 'હેલ્લો ફ્રેન્ડસ'ને મેળવવા એક ૯૨ વર્ષીય વાચકે તેમનો સંપર્ક સાધ્યો હતો. આ વાચકના ઘરે લેખક રૂબરૂ પુસ્તક આપવા ગયા હતા જયાં તેમને આ વરીષ્ઠ વાચકે તેમના પુત્ર, પૌત્રી-પૌત્ર એમ ત્રણેય પેઢી નિયમિત વાચક હોવાનું જણાવતા લેખકને સુખદ આશ્ચર્ય થયું હતું.

## ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા યોજાયો પ્રથમ પસંદગી મેળો

ગાંધીનગર, તા.૨૪

ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શહેરમાં પ્રથમ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

શહેરના ટાઉનહોલમાં પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી પસંદગી મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ મેળામાં મોટી સંખ્યામાં સમાજના યુવક યુવતીઓ હાજર રહ્યા હતા. પસંદગી મેળામાં સમાજના પ્રમુખ અને આમંત્રિત મહેમાનો દ્વારા પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. પસંદગી મેળામાં સમાજના કુલ ૪૯૭ યુવક યુવતીઓએ હાજર રહી પોતાની વિગતો પ્રસ્તુત કરી હતી.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચીવરનો માનવતાની મહકે રેલાવાનો સ્તુત્ય પ્રયાસ

ગાંધીનગર, તા.૨૪

શબ્દને સીમા હોય પરંતુ ભાવ અસીમ હોય! આ અનભુતિ થઈ મગોડી સ્થિત રાહિલબા વદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધ માવતરોને અને ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના શિક્ષક સંચાલક ગણ અને શાળાના નાના ભૂલકાઓને કે જયારે સૌ રંગાયા એક રંગે..નિર્મળ, અણીશુધ્ધ નીતરતી લાગણીના... વૃદ્ધ માવતરની કાળજી, જરૂરિયાત ને સમજવા સમજ કેળવવી રહી અને આ સમજને કેળવી કેળવણી અર્પતા ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના કેળવણીકારોએ પોતાની સામાજીક જવાબદારીના સુપેરે વહન સારૂ મગોડી સ્થિત રાહિલબા વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધ માવતરોને શાળાના આંગણે 'એક દિન અપનો કે સાથે અપને' કાર્યક્રમ અંતર્ગત આ વકાર્યા.

આ શાળાની ખાસીયત એ છે કે પ્રત્યેક વર્ષે શાળાના બાળકોને સામાજીક જવાબદારીના સંવર્ધન સારું ચેરિટી કાર્યક્રમ યોજે છે જેના ભાગરૂપે શાળાની આવાગમન સુવિધા દ્વારા વૃદ્ધ માવતરોને શાળામાં બોલાવી રૂડો આવકાર અપાયો અને સૌએ મનભાવન ભોજન માણ્યું. ત્યારબાદ વૃદ્ધ માવતરોને ગાંધીનગર સ્થિત ઘ-૪ના પટાંગણમાં લઈ જવાયા જયાં તેઓને સંગીત શિક્ષકની રંગત અને ૨૧૩ નાના ભૂલકાઓની અનેરી સંગત સાંપડી. શાળાના શિક્ષક સંચાલક ગણની સાથે ઉપસ્થિત વૃદ્ધ માવતરોએ ધૂન, ભજનની રંગત જમાવી, મનપસંદ ગીતો ગવાયા. વૃદ્ધોને આ કાર્યક્રમમાં ભાવથી જોડાવું ગમ્યું. નાના ભલૂકાઓ સાથેની આ યાદો થકી તેઓને તેમના પૌત્રો-પૌત્રી સાથે માણેલ પ્રસંગોનું સ્મરણ થયું. શાળાના સંચાલકગણ સાથેના






વાર્તાલાપ દરમિયાન તેઓએ જણાવ્યું કે તેઓ તરછોડાયેલા છે. ત્યજાયા છે અને થાકયા પણ છે પરંતુ તેઓ વૃદ્ધાશ્રમમાં પારીવારિક ભાવે એક કુટુંબની જેમ રહે છે. શાળા સંચાલક સાથેના પરામર્શ અને તેઓના લાગણીશીલ ભાવના કારણે વૃદ્ધ માવતરોએ કબુલ્યું કે 'આ અવસર થકી અમને નવીન તાજગી, જોમ અને જુસ્સાનો સંચાર થયો છે અને હવે અમારું જીવનરસનું ઝરણું ખળભળ વહેવાનું'. સંચાલકગણ તથા નાના ભૂલકાઓના હાથે વૃદ્ધ માવતરોને જીવનજરુરિયાત ઉપયોગી અનેક વસ્તુઓની એક કીટ સાથે શિયાળાના આગમને તેઓને હુંફ અર્પત ધાબળા પણ અપાયા. નીજ આશ્રમે પાછા ફરતા વૃદ્ધ માવતરોના હૃદયમાંથી નીતરતા અણમોલ આશિષ અને જીભના ટેરવે રહી ગયેલા આનંદ, સંતૃષ્ટીનો ભાવ વ્યકત કરતા તેના અવ્યકત શબ્દોમાં ઘણું બધું કહી ગયા. શાળાના શિક્ષક સંચાલકગણ માટે ક્ષણ ચિરકાલ માટે માનસપટ પર કંડારાયેલી રહેવાની. અને હા નાના ભૂલકાઓ જીવન શિક્ષણનો એક અગત્યનો અને નવતર પાઠ ભણ્યા.

# સે-૪ આંગણવાડીના ભૂલકાંઓને મિઠાઈનું વિતરણ



### વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા બાળકોને મિઠાઈ, ફટાકડા અને દિવડાંની જોડનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૪

દિવાળી એટલે બાળકોને મન ફટાકડાં, મિઠાઈ અને ઝગમગતાં દિવડાંનો ઉલ્લાસ, જો કે શહેરમાં હજુ પણ એવા પરિવારો વસે છે જેમના બાળકોને દિવાળી કે અન્ય દિવસોમાં કોઈ તફાવત જણાતો નથી. જરૂરિયાતમંદ વર્ગના પરિવારોના આ બાળકો અન્ય સંપન્ન વર્ગના બાળકોને દિવાળી મનાવતા જોઈ મનોમન નિઃસાસા નાંખતા હોય છે. આ કારણે શહેરના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતે સેકટર-૪માં આંગણવાડીમાં ભણતા બાળકોને મિઠાઈ, ફટાકડાં, દિવડાં વગેરેનું વિતરણ કરી તેમના ચહેરા પર સ્મિત રેલાવાનું કાર્ય હાથ ધર્યું હતું.

શહેરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪ની આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાઓ પણ અન્ય બાળકોની જેમ દિવાળીનો ઉલ્લાસ માણી શકે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોર્પોરેટર પાયલબેન મેણાત તથા સર્જન એજયુકેશનના વિનોદભાઈ મેણાતે ભૂલકાંઓને ફટાકડા, મિઠાઈ અને ૨ દિવડાંની જોડનું વિતરણ કર્યું હતું. આ કાર્યમાં તેમની સાથે સર્જન એજયુકેશનના સભ્યો અનિલભાઈ અને કિરીટભાઈ પણ જોડાયા હતા. નગરસેવિકા પાયલબેને જણાવ્યું હતું કે આ બાળકો સાથે થોડો સમય વિતાવવાથી મનને આનંદ મળે છે તેમના ચહેરા પર આનંદ જોઈ ખુબ ખુશી થાય છે.

## ઓપન સ્ટેટ ટેકવેન્ડો કપમાં ગાંધીનગરનો વિદ્યાર્થી દ્વિતિય ક્રમે વિજેતા

ધ ગ્લોબલ ટેકવેન્ડો માર્શલ આર્ટસ એસોસીએશન દ્વારા યોજવામાં આવેલ સરદાર પટેલ ઓપન સ્ટેટ ટેકવેન્ડો કપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ હરિફાઈમાં પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી વાડોદરા જયમૂની હરજીભાઈ દ્વિતિય ક્રમે વિજેતા બન્યો હતો અને તેઓને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. આ વિદ્યાર્થીની આ સિધ્ધિ પાછળ તેમના કોચ રોનક કંસારા તથા જતીન દવેએ મોટો ફાળો આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યશ્રી મનિષભાઈ ખત્રીએ હાજર રહી વિદ્યાર્થીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે રમત ગમત એ બાળ વિકાસ માટેનું મહત્વનું અંગ છે. અને તે માટે વિદ્યાર્થીઓને તેમના વાલીઓ તથા શિક્ષકો પાસેથી માર્ગદર્શન તથા પ્રોત્સાહન મળી રહે તે ખૂબ મહત્વનું છે. બધા જ વિદ્યાર્થીઓએ કોઈને કોઈ રમત ગમત ક્ષેત્રે પ્રગતિ કરવી હોય તો ખેલદિલીપૂર્વક રમવું જોઈએ.

# 'ભણતરનું ભારણ ઘટાડો' : બાળકો જંગે ચઢયા

### સ્કૂલ બેગનું વજન ઘટાડવા સ્વર્ણિમ પાર્ક ખાતે બાળકોનો સુત્રોચ્ચાર : દિવાળી વેકેશન બાદ વધુ વિદ્યાર્થીઓને જોડી લડત ઉગ્ર બનાવાશે : સરકારની 'ભાર વિનાનું ભણતર'ની વાતો હવામાં ઓગળી ગઈ

ગાંધીનગર, તા.૨૪

આજના શિક્ષણ યુગમાં ભણતરનું મહત્વ તો વધ્યું છે પરંતુ તેના કરતા પણ દફતરનું વજન ખૂબ વધ્યું છે. જેના કારણે કુમળી વયના બાળકો વિવિધ તકલીફોનો ભોગ બની રહ્યા છે. સ્કૂલબેગના વધી ગયેલા વજનને કારણે બાળકોને ખભાનો દુ:ખાવો, પીઠનો દુ:ખાવો, હાથનો દુ:ખાવો, હાથ-પગ તુટવા, શ્વાસ ચઢવો અને સતત થાક લાગવો જેવી ફરિયાદોમાં વધારો થવા પામ્યો છે. શહેરની શાળાઓમાં ત્રણ ત્રણ મજલાના મકાનો હોવાથી આવા વજનદાર દફતર ઊંચકીને સીડીઓ ચઢતા બાળકો હાંફી જઈ રહ્યા છે. શહેરની શાળાઓના કેટલાક જાગ્રત બાળકોએ એકઠા થઈ આ સમસ્યાથી છુટકારો મેળવવા અવાજ ઉઠાવ્યો છે. રવિવારે સવારે આ બાળકોએ સ્વર્ણિમ પાર્ક ખાતે એકત્ર થઈ ચર્ચા વિચારણા કરી જરૂર પડે શિક્ષણ મંત્રી અને મુખ્યમંત્રી સુધી જવાની તૈયારીઓ દર્શાવી હતી. આ સાથે તેમણે સરદાર પટેલની પ્રતિમા આગળ ઉભા રહી સુત્રોચ્ચાર પણ કર્યા હતા.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ભણતા બાળકોના ખભે દફતરનો ભાર વધી જવા પામ્યો છે. એક દિવસમાં બાળકને સાતથી આઠ વિષય ભણવાના હોય છે અને આ માટે દરેક વિષયની ટેક્ષ બુક, સ્વાધ્યાય પોથી, નોટબુક અને અન્ય સંલગ્ન બુક સાથે લઈ જવી પડે છે આ કારણે બેગનું વજન એટલું વધી જાય છે કે બાળકની હાલત રીતસર મજૂર જેવી થઈ જાય છે. વળી, શહેરની મોટા ભાગની શાળાઓમાં ત્રણ ત્રણ મજલાના મકાનો છે પરંતુ લીફટની સગવડ હોતી નથી જેના કારણે બાળકને મજૂરની જેમ પીઠ પર બોજો લાદી સીડીઓ ચઢવી પડે છે. આ કારણે બાળકો વિવિધ શારિરીક તકલીફોનો ભોગ બની રહ્યા છે. વળી, થાક અને માનસિક તણાવમાં પણ વધારો થતા તેની અભ્યાસ પર અસર પડી રહી છે.

થોડા સમય પહેલા સરકાર દ્વારા 'ભાર વિનાનું ભણતર' સુત્ર સાથે બાળકોના દફતરનું વજન ઘટાડવાની સૂફિયાણી વાતો બહુ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી એમાં કોઈ પ્રગતિ જણાઈ નથી અને હાલ એ સુત્ર સાથેની સમગ્ર પ્રક્રિયા જ અદશ્ય થઈ જવા પામી છે. બાળકોની અવદશા અંગે જિલ્લા શિક્ષણ તંત્રએ પણ તાકીદે જાગૃત થઈ પગલા લેવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે. હાલ તો ગાંધીનગરની કેટલીક શાળાઓ જેમ કે સી.એમ. પટેલ હાઈસ્કૂલ, ગુરુકુલ હાઈસ્કુલ તથા માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ વગેરેના વિદ્યાર્થીઓ આ ચળવળમાં જોડાયા હતા. સ્વયંભૂ રીતે આ બાળકોએ રવિવારે સવારે સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમા પાસે લખેલા પ્લેકાર્ડસ સાથે સુત્રોચ્ચાર કરી દેખાવો કર્યા હતા. આ વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશન બાદ તેમની લડતમાં વધુ વિદ્યાર્થીઓને જોડી લડતને ઉગ્ર બનાવાશે અને જરૂર પડે શિક્ષણમંત્રી તથા મુખ્યમંત્રીને પણ મળીને રજૂઆત કરાશે તેવો નિર્ધાર જાહેર કર્યો હતો.

#### બાળકોમાં પીઠના દુ:ખાવાની ફરિયાદો વધી

કુમળી વયના બાળકોને તેમની કેપેસીટી કરતા વધુ વજન ઊંચકવાને લીધે નાની ઉંમરમાં જ પીઠના દુ:ખાવાનો ભોગ બની રહ્યા છે. અગાઉના સમયમાં જયારે બાળકને પીઠનો દુ:ખાવો હોય તો મોટે ભાગે તેનું કારણ ટીબી હોવાનું રહેતુ પરંતુ હાલના સંજોગોમાં સ્કૂલ બેગના અસહ્ય વજનને કારણે બાળકો કાચી ઉંમરમાં જ મોટી સંખ્યામાં પીઠના દુ:ખાવોનો ભોગ બની રહ્યા છે. આમ તો સોશિયલ મિડીયા પર સ્કૂલબેગ કેવી રીતે ઉંચકવી તેનો એક વિડીયો ફરે છે પરંતુ તે કોલેજના વિદ્યાર્થીઓ માટેનો છે, સ્કૂલના બાળકો આ પધ્ધતિથી અજાણ હોય છે.





'મારી સ્કૂલ બેગનું વજન તો હું ગમે તેમ કરી ઉંચકી લઉં છું પરંતુ મારા નાના ભાઈની હાલત મારાથી જોવાતી નથી. તેને સ્કૂલ બેગ ઉંચકીને સીડીઓ ચઢવામાં શ્વાસ ચઢી જાય છે. સ્કૂલ બેગનું વજન ઘટવું જ જોઈએ. આ માટે અમે છેક સુધી લડત આપવા તૈયાર છીએ.'

**- કૃપેશ દેસાઈ, વિદ્યાર્થી**



'સ્કૂલ બેગનું વચન ઉંચકીને અમે એટલા થાકી જઈએ છીએ કે એના કારણે અમે રમતો પણ રમી શકતા નથી, હોમવર્ક કરવા જેટલી પણ શકિત વધતી નથી. થાકના કારણે આખો દિવસ બેચેની રહે છે જેના કારણે અમારા અભ્યાસ પર પણ અસર પડે છે.'

**- જીલ પટેલ, વિદ્યાર્થી**

## ભાટ નજીક એકટીવા-ટ્રક વચ્ચે અકસ્માત : એકનું મોત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ઈન્દિરા બ્રિજ માર્ગ પર મધર ડેરીની સામે ગત રાત્રે એકટીવા પર જઈ રહેલા માતા દિકરીને પાછળથી ટ્રકની ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રકનું ટાયર માતાના શરીર પર ફરી વળતા ઘટના સ્થળે જ મૃત્યુ થવા પામ્યું હતું જયારે દિકરીને પણ ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. બનાવ સ્થળે ટ્રક મુકીને ડ્રાયવર ફરાર થઈ ગયો છે. ઘટના અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ પી.સી. સરવૈયા કરી રહ્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ માર્ગ પર ગત રોજ રાત્રીના પોણા નવ વાગ્યાની આસપાસ અમદાવાદ ખાતે રહેતા અને એકટીવા નં. જીજે ૨૭ બીસી ૩૫૭૦ પર ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન મધર ડેરીની સામે ભાટ ગામના પાટીયા પાસે અચાનક આવી ચડેલી ટ્રક નં. જીજે ૧૭ એકસ ૭૪૮૯એ ની પાછળની ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે એકટીવા પર સવાર દિકરી નિધિ અને માતા તૃપ્તિબેન નીચે પટકાયા હતા. તે સમયે તૃપ્તિબેન પર ટ્રકનું તોતિંગ ટાયર ફરી વળતા શરીરના ફુરચે ફુરચા ઉડી ગયા હતા અને તૃપ્તિબેનનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. જયારે નિધિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેણીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાસે ખસેડાઈ હતી જયારે અક્સ્માત સર્જીને ટ્રકનો ડ્રાયવર ટ્રક મુકીને ફરીર થઈ ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી પીએસઆઈ પી.સી. સરવૈયાએ ફરાર ટ્રક ચાલકને પકડવા તજવીજ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ નાથાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૭૫
- સ્વ. મધુબેન પુરુષોત્તમભાઈ સોલંકી, ઉ.વ. ૬૮
- સ્વ. રતનબેન ભીખાભાઈ શ્રીમાળી, ઉ.વ. ૮૫
- સ્વ. મનહરલાલ ભોગીલાલ જયસ્વાલ, ઉ.વ. ૭૨
- સ્વ. ચંદાબેન મોહનજી સોલંકી, ઉ.વ. ૯૫
- સ્વ. ડાહીબેન મંગળદાસ રાઠોડ, ઉ.વ. ૭૪
- સ્વ. હિરાબેન શામળદાસ નાગર, ઉ.વ. ૯૨